રજા પ્રવાસ રાહત મંજુર કરવા અંગે સ્પષ્ટતા.

ગુજરાત સરકાર,
**નાણા વિભાગ,**
પરિપત્ર ક્રમાંક-મસભ-૧૦૨૦૦૧-૧૩૩૮-ચ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ :- ૨૯ મી, સપ્ટેમ્બર, ૨૦૦૧

**વંચાણે લીધા:-** (૧) ના.વિ.નો સ.ઠ.નંબર-મસભ-૧૦૮૯-એમઆર/૮/જ, તા.૨૭-૭-૧૯૮૯
(૨) ના.વિ.નો સ.ઠ.નંબર-મસભ-૧૦૯૭-૭૧૮-જ, તા.૩-૯-૧૯૯૭
(૩) ના.વિ.નો પરિપત્ર ક્રમાંક-પગર-૧૦૯૬-૮૭૧/ચ, તા.૧૭-૬-૯૪
(૪) ના.વિ.નો ઠરાવ ક્રમાંક-એનવીએન-૧૦૮૩-૨૦-પી,તા.૧-૧-૮૩
(૫) ના.વિ.નો ઠરાવ ક્રમાંક-પરચ-૧૦૯૭-૮૩૦-ચ, તા.૩-૭-૯૮

**પ રિ પ ત્ર**

આમુખમાં ક્રમાંક(૧)અને(૨) સામે દર્શાવેલ ઠરાવોની જોગવાઇ અનુસાર તા.૨૭-૭-૮૯ ના રોજ અને ત્યારબાદ સરકારી સેવામાં દાખલ થયેલ કર્મચારીને, જો બે કરતાં વધારે જીવિત બાળકો હોય તો તેમને રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહત અંગેનો કોઇપણ લાભ મળવાપાત્ર નથી.

ઉપર્યુક્ત જોગવાઇ સંબંધમાં એવો મુદ્દો ઉપસ્થિત થયેલ છે કે કોઇ વ્યકિત સરકારી સેવામાં તા.૨૭-૭-૧૯૮૯ પહેલાં દાખલ થયેલ હોય અને તે આવી ચાલુ સેવા દરમ્યાન ખાતા મારફત અરજી કરીને માન્ય પધ્ધતિથી પસંદગી પામીને સરકારના અન્ય ખાતામાં ઉંચા પગાર ધોરણ અથવા સમાન પગાર ધોરણવાળી જગ્યાએ નિમણુંક પામે અને આમુખમાં ક્રમાંક(૩)થી(૫) સામે દર્શાવેલ ઠરાવ / પરિપત્રની જોગવાઇઓ મુજબ અગાઉની સેવા પગાર, પેન્શન અને રજા માટે સળંગ ગણવામાં આવી હોય તો, તેવા કિસ્સામાં આમુખમાં ક્રમાંક(૧) અને(૨) માંદર્શાવેલ ઠરાવની જોગવાઇ લાગુ પડે કે કેમ ?

આ સંબંધમાં આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે કર્મચારી તા.૨૭-૭-૧૯૮૯ પહેલાં સરકારી સેવામાં દાખલ થયેલ હોય અને ખાતા મારફતે અરજી કરીને માન્ય પધ્ધતિથી પસંદગી પામીને સરકારના અન્ય ખાતામાં કે તે જ ખાતામાં ઉંચા પગાર ધોરણ કે સમાન પગાર ધોરણવાળી જગ્યાએ નિમણુંક પામ્યા હોય અને તેમની અગાઉની સેવા આમુખમાં ક્રમાંક(૩),(૪)અને(૫)સામે દર્શાવેલ પરિપત્ર/ઠરાવની જોગવાઇઓ અનુસાર પગાર, પેન્શન અને રજાના હેતુ માટે સળંગ ગણી આપવામાં આવી હોય તો તે સરકારના ઉમદા આશયથી આપવામાં આવતી એક રાહત છે, હકક નથી. ઉમદા આશયથી આપવામાં આવેલ આવી રાહતને હકક તરીકે ગણીને અન્ય લાભો માટેની માંગણી વ્યાજબી નથી. રજા પ્રવાસ રાહતને સંબંધ છે ત્યા સુધી તારીખ ૨૭-૭-૮૯ પહેલાં સરકારી સેવામાં જોડાયેલ કર્મચારી ઉપર મુજબ નિમણુંક પામે અને અગાઉની સેવા પગાર, પેન્શન અને રજાના હેતુ માટે સળંગ ગણવામાં આવી હોય તો પણ રજા પ્રવાસ રાહતના હેતુ માટે સરકારી સેવામાં અગાઉની દાખલ થયેલ તારીખ ગણત્રીમાં લેવાની રહેશે નહીં. અર્થાત્ આવા કર્મચારીઓને આમુખમાં ક્રમાંક(૧) સામે દર્શાવેલ નાણા વિભાગના તારીખ-૨૭-૭-૧૯૮૯ ના ઠરાવની જોગવાઇ લાગુ પડશે.

આ હુકમો રાજય સરકારના કર્મચારીઓ, પંચાયતના કર્મચારીઓ તેમજ સરકારી અનુદાન મેળવતી તમામ સંસ્થાઓના કર્મચારીઓ કે જેઓને પગાર, રજા, પેન્શન વગેરે માટે રક્ષણ મળે છે તેમજ રજા પ્રવાસ રાહતની સવલત રાજય સરકારના કર્મચારીઓના ધોરણે મંજુર કરવામાં આવે છે તેવા તમામ કર્મચારીઓને લાગુ પડશે.

આમ છતાં, આ સ્પષ્ટીકરણ રવાના થયા અગાઉ મૂળ નિમણુંક તારીખને ઘ્યાનમાં લઇને જે કિસ્સાઓમાં રજા પ્રવાસ રાહત અંગેનો લાભ મંજુર કરવામાં આવ્યો હોય તેવા કિસ્સાઓમાં કોઇ વસૂલાત કરવાની રહેશે નહીં.

રજા પ્રવાસ રાહત અંગેની અન્ય શરતો યથાવત્ રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ.એચ.સૈયદ
સેકશન અધિકારી,
નાણા વિભાગ.

પ્રતિ,

- માનનીય, રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.
- માનનીય મંત્રીશ્રીઓ/ નાયબ મંત્રીશ્રીઓ/ રાજય કક્ષાના મંત્રીઓના અંગત સચિવશ્રીઓ.
- વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
- સચિવાલયના સર્વે સ્વભાગો/ તમામ ખાતાના વડાઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ./ સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા,સચિવાલય,ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સરકાર માન્ય તમામ સરકારી કર્મચારી મંડળો.
- સચિવશ્રી, ગુજરાત રાજય તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- અઘ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સર્વે નિગમો/ યુનિવર્સીટીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી(ઓડિટ) ગુજરાત રાજય, રાજકોટ/ અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,(એ. એન્ડ ઇ) ગુજરાત રાજય, રાજકોટ/ અમદાવાદ.
- નિવાસી હિસાબી અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રો. ફંડ, જુના સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીઓ, જુના સચિવાલય,ગાંધીનગર.
- તમામ જીલ્લા તિજોરીઓ અને પેટા તિજોરીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, જુના સચિવાલય,ગાંધીનગર.
- નાણા વિભાગના તમામ અધિકારીશ્રીઓ(નાણા સલાહકારશ્રીઓ સહિત).
- નાણા વિભાગની તમામ શાખાઓ ( નાણા શાખાઓ સહિત).
- સિલેકટ ફાઇલ/ મદદનીશ સિલેકટ ફાઇલ.
- ''ક'' વહેંચણી.